ગાંધીનગરનું ઈન્દ્રોડા ગામ સમસ્યાઓથી ઉભરાય છે

રોજગારીથી લઈને રસ્તા-ગટર જેવી સમસ્યાઓનો ગ્રામવાસીઓ વર્ષોથી સામનો કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૧

અડવુ પાટનગર જે ગ્રામવાસીઓની જમીન પર ઉભુ છે તેવા ઈન્દ્રોડા ગામના ગ્રામજનો આજે પણ પોતાને સમસ્યાઓની ભરમાર વચ્ચે ભિંસાતા અનુભવી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હોવા છતાં સેક્ટર જેવી સુવિધાઓની વાત તો દૂર છે પરંતુ પ્રાથમિક સુવિધાઓનો પણ અહીં અભાવ જોવા મળે છે.

ચૂંટણીના આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ઉમેદવારોને ખોબલે ખોબલે મત આપતા ગાંધીનગરવાસીઓ કેવી પરિસ્થિતિમાં જીવી રહ્યા છે તેનો ચિતાર મેળવવાનો પ્રયાસ ગાંધીનગર સમાચારના પ્રતિનિધિએ કર્યો છે. ગાંધીનગર શહેરનો જ એક ભાગ ગણાય તેવા ઈન્દ્રોડા ગામની મુલાકાત વખતે એવા અનેક સત્યો અને સમસ્યાઓ સામે આવી જે અહીંના વસાહતીઓની સ્થિતિનો ખ્યાલ આપે છે. ગાંધીનગરની સ્થાપના વખતે આ ગામના ખેડૂતોની જમીનો સંપાદિત કરવામાં આવી હતી. આવા અસરગ્રસ્ત ખેડૂતોને સારી નોકરી આપવી, દુકાનો-મકાનો આપવાથી લઈને રોજગારીના સાધનો આપવાના વચનો અનેકવાર આપવામાં આવ્યા. ચૂંટણી ટાણે અહીં આવતા જુદા જુદા પક્ષોના ઉમેદવારોએ આપેલા વચનો પણ અત્યાર સુધી સાવ ઠાલા રહ્યા છે. ગામના કોર્પોરેટર હસમુખભાઈ મકવાણા કહે છે કે અહીંની સૌથી મોટી સમસ્યા છે. અહીં સાવ નજીકમાં જ ઈન્ફોસીટી, ટીસીએસ, રીલાયન્સ જેવી મોટી કંપનીઓ આવેલી છે. તેમાં ગામના યુવાનોને રોજગારી મળવી જોઈએ. ઘ-પની ફૂડકોર્ટમાં ગામના અસરગ્રસ્ત ખેડૂતોને દુકાનોની ફાળવણી કરવી જોઈએ. ગામની સાવ નજીક જ સાબરમતી નદી પસાર થાય છે પરંતુ પાણીના તળ નીચા જતાં પાણીની સમસ્યા સર્જાઈ છે. જો સંત સરોવરનું કામ પૂર્ણ કરવામાં આવે તો પાણીના સ્તર ઉંચા આવી શકે તેમ છે. ગામની બીપીએલ કાર્ડની યાદી હજુ તૈયાર થઈ ન હોવાથી લાભાર્થીઓ લાભોથી વંચિત રહ્યા છે. આ યાદી ઝડપથી તૈયાર થવી જોઈએ.

ગ્રામવાસી નાથુજી શિવાજી કહે છે કે સરિતાઉદ્યાનને વિકસાવી અહીંના યુવાનોને રોજગારી આપી શકાય છે. અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય લાભ આપી તેમની વર્ષો જુની માંગણી સંતોષવી જરૂરી છે. આ ઉપરાંત ગામમાં ગટર, રસ્તા, ગેસની પાઈપલાઈન અને

● અનુસંધાન પાન-૭ પર

આ છે ગાંધીનગરની સમસ્યાઓનું મહાપુરાણ (૧)

ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને ચૂંટણી ટિકિટ માટેના દાવેદારોનો મેળાવડો અવિરત ચાલી રહ્યો છે. (તસવીર : દિપક જાની)

જુના સેકટરોમાં માર્ગ સુધારણાનું કામ અધ્ધરતાલ : રહીશોમાં રોષ

વિભાગમાં લાંબા સમયથી અટવાયેલી દરખાસ્તને લીધે સેક્ટર-૨૦થી ૩૦ના રસ્તાઓ ઉબડ-ખાબડ

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં નિયત સમયના અંતે માર્ગ નવિનીકરણના મોટાભાગના કામો હાથ ધરી દેવાયા છે. પરંતુ સેકટર-૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોનું કામ અટવાતા સેકટરના સ્થાનિક રહીશોમાં પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે, તંત્ર કક્ષાએથી કરોડોના ખર્ચના અંદાજ સાથે વિભાગને મોકલાવેલી દરખાસ્ત પણ છ મહિનાથી અધ્ધરતાલ છે.

શહેરમાં ચોમાસા પૂર્વે માર્ગ નવિનીકરણ કામોનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. નવ વિકસીત વિસ્તારમાં સેકટરોના આંતરિક માર્ગોનું પણ નવિનીકરણ હાથ ધરવામાં આવ્યું છે. આ કામગીરી પણ પૂર્ણતાના આરે છે. સેકટર-૧થી ૫ ઉપરાંત સેકટર-૬ થી ૧૭માં પણ રસ્તાના કામો હાથ ધરવામાં આવ્યા છે. જયારે શહેરના

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં શિયાળો જામે છે

નવેમ્બર માસના મધ્યે જામતો શિયાળો લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીએ પહોંચ્યું

ગાંધીનગર, તા.૨૧

ઠંડા પવનોના કારણે ધીમે ધીમે શહેરમાં ઠંડીએ જમાવટ કરી છે. લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી પર પહોંચતા શહેરીજનો હવે ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા નજરે ચઢે છે. નવેમ્બર માસના મધ્યાંતરે જ શિયાળો જામી રહ્યો છે.

ગાંધીનગર અને અમદાવાદ સહિત રાજયના મોટાભાગના શહેરોમાં ઠંડીનું પ્રમાણ ધીમે ધીમે વધી રહ્યું છે. રાત્રે અને વહેલી સવારે ગરમ વસ્ત્રો વગર ઘરની બહાર નીકળવું શક્ય નથી. દ્વિચક્રી વાહન ચાલકોએ તો રાત્રે બહાર નીકળતી વખતે ઠંડીથી બચવા જેકેટ, મફલર, મોજા જેવા વસ્ત્રો પહેરવા પડે છે.

પંખાની ગતિ સાવ ઘટી ગઈ છે તો કેટલાક વસાહતીઓએ તો પંખા સાવ બંધ કરી દીધા છે. ગરમ વસ્ત્રો ખરીદવા માટે બજારોમાં ભીડ જોવા મળી રહી છે. સેકટર-૬માં શરૂ થયેલાં તિબેટીયન માર્કેટ ઉપરાંત સેકટર-૨૧ અને સેકટર-૭ના બજારોમાં પણ વસાહતીઓ સ્વેટર, મોજા, ટોપી, ખરીદતા નજરે પડે છે, વહેલી સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ માહોલને ખુશનુમા બનાવે છે. સવારે જોંગીંગ અને કસરત કરવાવાળા વસાહતીઓની સંખ્યા વધતી જાય છે.

શહેરનાં જુદાં જુદાં બગીચાઓમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ ધરાવતા વસાહતીઓ કસરત કરતા નજરે પડે છે.

વાહકજન્ય રોગોથી બચવા આટલું કરીએ

(૧) મેલેરિયા, ડેંગ્યુ અને ચિકુનગુનિયા મચ્છરથી ફેલાતા વાહકજન્ય રોગ છે.
(૨) આ રોગના મચ્છરો ચોખ્ખા બંધીયાર પાણીમાં ઉત્પન્ન થાય છે.
(૩) ઘરમાં અને આસપાસ પાણીનો ભરાવો તેમજ ખાડા - ખાબોચિયા દૂર કરીએ.
(૪) પાણી ભરવાના તમામ વાસણો અઠવાડિયામાં એકવાર ખાલી કરી, અંદરની બાજુએથી ઘસીને સાફ કરી તડકે સુકવીએ.
(૫) શરીર પુરું ઢંકાય તેવા કપડા પહેરવા.
(૬) મચ્છર ભગાડવાની અગરબત્તી, રીપેલન્ટનો ઉપયોગ કરવો.
(૭) સવારે ગુગળનો ધૂપ તથા સંધ્યાકાળે લીમડાનો ધૂમાડો કરવો.
(૮) વહેલી સવારે તથા સાંજે ઘરના બારી-બારણા બંધ રાખવા.
(૯) ઘરની આસપાસ કે છત ઉપર પડેલ નકામાં ટાયરોનો નાશ કરવો.
(૧૦) પક્ષીકુંજ, ફુલદાની, કુંડા, કુલર, ફ્રીઝની ટ્રેમાં ડેન્ગ્યુ તથા ચીકુનગુનિયાના મચ્છરો ઉત્પન્ન થાય છે. જે અઠવાડિયામાં એક વખત ખાલી કરી અને ઘસીને સાફ કરવું.

મહાનગર પાલિકા, ગાંધીનગર

ભારતીય સ્ટેટ બેંક
ગાંધીનગર શાખા (૦૧૩૫૫)
સેક્ટર-૧૦/બી, ગાંધીનગર
ભારતીય સ્ટેટ બેંક

જાહેર સુચના

આથી અમારા માનવતાં ગ્રાહકોને જાહેર નોટીસથી જણાવવાનું કે, સેક્ટર-૧૦/બી, નવા સચિવાલય સામે, ગાંધીનગર ખાતે આવેલ અમારી ગાંધીનગર (૦૧૩૫૫) શાખાને બે સ્વતંત્ર શાખામાં વિભાજીત કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. વિભાજનના પરિણામે એક નવી શાખા નામે "સેક્ટર-૧૦/બી શાખા, કોડ-૧૬૦૫૧" અસ્તિત્વમાં આવશે. જે તા. ૨૬-૧૧-૨૦૧૨ સોમવારના રોજ આજ સંકુલના પ્રથમ મજલા ઉપર કાર્યરત થશે. પ્રસ્તાવિત સેક્ટર-૧૦/બી શાખા, કોડ-૧૬૦૫૧ સરકારી વ્યવસાય સિવાયની બધી જ બેંકીંગ સેવાઓ આપશે.

ગાંધીનગર (કોડ-૦૧૩૫૫) શાખામાં રાખેતા મુજબની સરકારી વ્યવસાય સહિતની ગ્રાહક સેવાઓ આજ સુંકલના બીજા માળ ઉપર યથાવત આપશે.

તા. ૨૧/૧૧/૨૦૧૨
સહાયક મહાપ્રબંધક
ભારતીય સ્ટેટ બેન્ક
ગાંધીનગર શાખા (૦૧૩૫૫)

STATE BANK OF INDIA
GANDHINAGAR BRANCH (01355)
SECTOR 10-B, GANDHINAGAR
ભારતીય સ્ટેટ બેંક

PUBLIC NOTICE

This is to inform our valued clients that a decision has been taken to split our Gandhinagar Branch (01355) located at Sector 10-B, Opposite New Sachivalaya, Gandhinagar into two separate Branches shortly. Following the proposed split of Gandhinagar Branch, a new branch will be created named as Sector 10-B Branch and shall function w.e.f. 26.11.2012 from the First Floor of the same premises of the Gandhinagar Branch. The proposed Sector 10-B Branch, Gandhinagar (16051) shall cater to the banking needs other than handling of Govt. business.

The Gandhinagar Branch (01355) will continue to service customers including Govt business as usual from the second floor.

Date. 21-11-2012
Asstt General Manager,
State Bank of India,
Gandhinagar Branch, Gujarat

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com